સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS



ભારતને 24 MH-60R Seahawk Helicopter વેચવા અમેરિકાની મંજૂરી

બેન્ક ઓફ બરોડા ભારતની ત્રીજી સૌથી મોટી બેન્ક બની



ઈસરોએ EMISAT સહિત 29 ઉપગ્રહો પ્રથમ વખત ત્રણ જુદી જુદી ભ્રમણકક્ષામાં તરતા મૂક્યા



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને UAEનું સર્વોચ્ચ નાગરિક સન્માન એનાયત



સુશ્રી જુજાના કેપ્યુટોવા સ્લોવેકિયાના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા

**સંપાદક**
મૌલિક ગોંધિયા
(Director - ICE)

[MAR-APR2019]
[31/03 to 06/04]

# WEEK-14

## CURRENT TOPIC

- સુલતાન અઝલાન શાહ કપ 2019
- ભારતમાં GST અંતર્ગત સરકારની ટેકસની આવકમાં સતત વધારો
- ત્રીજો સમુદ્રી અભ્યાસ AUSINDEX-19
- 5G સેવા લોન્ચ કરનાર દક્ષિણ કોરિયા વિશ્વનો પહેલો દેશ બન્યો
- 2019માં ભારતનો GDP વૃદ્ધિદર 7.2 ટકા રહેવાનો ADBનો અંદાજ
- ગુજરાત સરકાર રૂ.4620ના ટેકાના ભાવથી ચણાની ખરીદી કરશે

**31 MARCH, 2019 SUNDAY**

## ➢ દિવસ મહિમા : 31 માર્ચ, World Backup Day

કોમ્પ્યુટર તથા સ્માર્ટ ફોનમાં રહેલા પર્સનલ તથા પ્રોફેશનલ ડેટાની સુરક્ષા અંગે જાગૃતિ લાવવા માટે વિશ્વના કેટલાક દેશોમાં દર વર્ષે 31 માર્ચના રોજ 'World Backup Day'ની ઉજવણી કરવામાં આવે છે.

- આજનો માનવી દિવસે ને દિવસે ટેક્નોલોજી પર વધુ નિર્ભર થતો જાય છે. આથી, વર્તમાન સમયે ડિજિટલ ડોક્યુમેન્ટની સુરક્ષા ખૂબ જ અગત્યનો મુદ્દો છે.
- 31 માર્ચના રોજ 'વર્લ્ડ બેકઅપ ડે'ની ઉજવણી દ્વારા આ દિવસ, કોઈ દુર્ઘટનાને કારણે ડેટા લોસ થઈ જાય એ પહેલા જ તેનું બેકઅપ લેવાની યાદ અપાવે છે.

## ➢ સુલતાન અઝલાન શાહ કપ 2019

તાજેતરમાં 23થી 30 માર્ચ 2019 દરમિયાન મલેશિયાના ઈપોહ ખાતે 28મા સુલતાન અઝલાન શાહ હોકી કપ 2019નું આયોજન થયું હતું.

- આ કપની ફાઈનલ મેચમાં ભારતને પરાજય આપીને સાઉથ કોરિયાએ આ ટુર્નામેન્ટ ત્રીજી વખત જીતી લીધી છે.

### સુલતાન અઝલાન શાહ કપ

સુલતાન અઝલાન શાહ કપ એ દર વર્ષે યોજાતી એક હોકી ટુર્નામેન્ટ છે.

- દર વર્ષે આ ટુર્નામેન્ટ મલેશિયામાં યોજાય છે.
- આ ટુર્નામેન્ટનો પ્રારંભ 1983થી થયો હતો. અને શરૂઆતમાં આ ટુર્નામેન્ટ દર બે વર્ષે યોજાતી હતી.
- જોકે, વર્ષ 1998થી આ ટુર્નામેન્ટ દર વર્ષે યોજાય છે.
- મલેશિયાના નવમા રાજા શ્રી સુલતાન અઝલાન શાહના નામ પરથી આ ટુર્નામેન્ટને 'સુલતાન અઝલાન શાહ કપ' નામ આપવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ➤ શાંઘાઈનો હોંગકોઉ વિશ્વનો પ્રથમ 5G જિલ્લો બન્યો

તાજેતરમાં **ચીન**ના **શાંઘાઈ**ના **હોંગકોઉ ડિસ્ટ્રીક્ટ**માં **5G** કવરેજ અને બ્રોડબેન્ડ ગીગાબાઈટ નેટવર્કની શરૂઆત કરવામાં આવી છે.

- આ સાથે જ **શાંઘાઈ**નો **હોંગકોઉ ડિસ્ટ્રીક્ટ** 5G કવરેજ અને બ્રોડબેન્ડ ગીગાબાઈટ નેટવર્ક ધરાવતો **વિશ્વનો પ્રથમ જિલ્લો** બની ગયો હોવાનો શાંઘાઈ દ્વારા દાવો કરવામાં આવ્યો છે.
- 5G નેક્સ્ટ જનરેશન સેલ્યુલર ટેક્નોલોજી છે. જેમાં 4Gની તુલનાએ 10થી 100 ગણી વધારે ડાઉનલોડ સ્પીડ હોય છે.
- ભારતમાં વર્ષ 2020થી આ ટેક્નોલોજીનો પ્રારંભ થવાની સંભાવના છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દરેક સ્પર્ધામાં વહેલી શરૂઆત... એટલે જ વિજય
ગુજરાત સરકારની તમામ ભરતીઓ માટે
જનરલ બેચ
ફ્રી ટ્રાયલ લેક્ચર
નવી બેચ શરૂ
સાંજે 7 વાગ્યે
આપની સફળતાને નિશ્ચિત કરતી
6 મહિનાની 'સ્પેશિયલ એડવાન્સ બેચ'
પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી
- સ્માર્ટ વર્ક અને સમજણ શકિતના સમન્વયથી અભ્યાસ
- ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી એડવાન્સ લેવલ મટીરિયલ્સ
- શરૂઆતથી છેક પરીક્ષાખંડ સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ
- સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો ઊંડાણપૂર્વકનો પાયાની સમજથી અભ્યાસ.
- ગુજરાતી, ENGLISH,ગણિત અને સામાન્ય જ્ઞાનના 15 થી વધુ વિષયોની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા
2012 - 18
1237+
સફળ ઉમેદવાર
32+
Weekly Test
MEGA TEST SERIES ON
OMR SHEET

## ICE Questions

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | 'World Backup Day' કયારે ઉજવાય છે ? | | | | |
| | (A) 30 માર્ચ | (B) 31 માર્ચ | (C) 1 એપ્રિલ | (D) 2 એપ્રિલ | (B) |
| 2. | સુલતાન અઝલાન શાહ કપ 2019 વિજેતા દેશનું નામ શું છે ? | | | | |
| | (A) ઉત્તર કોરિયા | (B) દક્ષિણ કોરિયા | (C) મલેશિયા | (D) ભારત | (B) |
| 3. | 'સુલતાન અઝલાન શાહ કપ' કઈ રમત સાથે સંકળાયેલો છે ? | | | | |
| | (A) ક્રિકેટ | (B) ફૂટબોલ | (C) ટેનિસ | (D) હોકી | (D) |
| 4. | દર વર્ષે સુલતાન અઝલાન શાહ હોકી કપનું આયોજન કયાં થાય છે ? | | | | |
| | (A) ઈન્ડોનેશિયા | (B) દક્ષિણ કોરિયા | (C) મલેશિયા | (D) રશિયા | (C) |
| 5. | તાજેતરમાં ચીનના શાંઘાઈ દ્વારા શાંઘાઈનો કયો જિલ્લો 5G કવરેજ અને બ્રોડબેન્ડ ગીગાબાઈટ નેટવર્ક ધરાવતો વિશ્વનો પ્રથમ જિલ્લો બની ગયો હોવાનો દાવો કરવામાં આવ્યો છે ? | | | | |
| | (A) હોંગકોંગ | (B) હેંગઝાઉ | (C) હોંગકોઉ | (D) હોંગ્ઝુ | (C) |

## 1 APRIL, 2019 MONDAY

### ➤ ગુજરાત સરકાર રૂ. 4620ના ટેકાના ભાવથી ચણાની ખરીદી કરશે

ગુજરાત સરકાર દ્વારા 15 એપ્રિલથી 5 જૂન 2019 સુધી ટેકાના ભાવે ચણાની ખરીદી કરવામાં આવશે.

- આ માટે ચણાના પ્રતિ ક્વિન્ટલ ભાવ રૂ. 4620 જાહેર કરવામાં આવ્યા છે.
- આ ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં 15 માર્ચ 2019થી ટેકાના ભાવે ઘઉંની ખરીદીનો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે.
- આ માટે ઘઉંનો ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. 1840 જાહેર કરવામાં આવ્યો છે.
- તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા વિવિધ પાકોની નીચેના ભાવથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે.

**ગુજરાત સરકાર દ્વારા વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી**

| ક્રમ | પાક | ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂપિયામાં | ભાવ પ્રતિ મણ રૂપિયામાં |
|---|---|---|---|
| 1 | મગફળી | 5000 | - |
| 2 | મગ | - | 1395 |
| 3 | અડદ | - | 1120 |
| 4 | ડાંગર ગ્રેડ–એ | 1770 | - |
| 5 | ડાંગર કોમન | 1750 | - |
| 6 | બાજરી | 1950 | - |
| 7 | મકાઈ | 1700 | - |
| 8 | ઘઉં | 1840 | 368 |
| 9 | ચણા | 4620 | - |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ બેંક ઓફ બરોડા ભારતની ત્રીજી સૌથી મોટી બેન્ક બની

1 એપ્રિલ 2019ના રોજ ભારતમાં વિજયા બેન્ક અને દેના બેન્કનો બેન્ક ઓફ બરોડામાં વિલય થઈ ગયો છે.

- આ વિલય ભારતમાં પ્રથમ વખત બેંકોનો ત્રિપક્ષીય વિલય છે.
- આ વિલયની સાથે જ હવે બેન્ક ઓફ બરોડા SBI બાદ ભારતની બીજા નંબરની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેન્ક બની ગઈ છે.
- અને આ ઉપરાંત તે SBI અને HDFC બાદ ભારતની ત્રીજા નંબરની સૌથી મોટી બેન્ક બની ગઈ છે.
- આ અગાઉ SBI અને HDFC બાદ ICICI ભારતની ત્રીજા નંબરની સૌથી મોટી બેન્ક હતી. હવે ICICIને પાછળ રાખીને બેન્ક ઓફ બરોડા ભારતની ત્રીજા નંબરની સૌથી મોટી બેન્ક બની ગઈ છે.
- ભારતની સૌથી મોટી ચાર બેન્કોનો ક્રમ આ પ્રમાણે છે : (1) SBI (2) HDFC (3) BANK OF BARODA (4) ICICI

### મર્જરની વિશેષતા

(1) દેના બેન્ક અને વિજયા બેન્કનો 1 એપ્રિલ, 2019થી બેન્ક ઓફ બરોડામાં વિલય થયો છે.
(2) આ વિલય બાદ નવી રચાનારી બેન્ક 'બેન્ક ઓફ બરોડા' તરીકે ઓળખાશે.
(3) દેના બેન્ક અને વિજયા બેન્કની તમામ શાખાઓ બેન્ક ઓફ બરોડાની શાખા તરીકે કાર્યરત બનશે.
(4) ત્રણેય બેન્કના કર્મચારીઓના પગાર ભથ્થા પહેલા જેટલા જ રહેશે.
(5) વિલિનીકરણની યોજના મુજબ વિજયા બેન્કના શેર ધારકોને 1000 શેર દીઠ બેન્ક ઓફ બરોડાના 402 શેર મળશે.
(6) એ જ રીતે દેના બેન્કના શેર ધારકોને 1000 શેર દીઠ બેન્ક ઓફ બરોડાના 110 શેર મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### મર્જરના લાભ

ત્રણ બેંકોના આ મર્જરથી નવી બેંક દેશના ભાવિ આર્થિક પડકારોને પહોંચી વળવા માટે સક્ષમ બનશે.

- બેંકોનો સંચાલન ખર્ચ ઘટશે અને ગ્રાહકોને વધુ સારી સેવા ઉપલબ્ધ થશે.




### ત્રણ બેંકો વિશેની અગત્યની માહિતી

| ક્રમ | બેંકનું નામ | સ્થાપના | વડું મથક | રાષ્ટ્રીયકરણ | શાખાઓની અંદાજિત સંખ્યા |
|---|---|---|---|---|---|
| 1 | બેંક ઓફ બરોડા | 1908 | વડોદરા(ગુજરાત) | 1969 | 5502 |
| 2 | વિજયા બેંક | 1931 | બેંગાલુરુ(કર્ણાટક) | 1980 | 2129 |
| 3 | દેના બેંક | 1938 | મુંબઈ (મહારાષ્ટ્ર) | 1969 | 1858 |

**નોંધ :** (1) <u>મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ</u> 20 જુલાઈ, 1908ના રોજ <u>બેંક ઓફ બરોડા</u>ની સ્થાપના કરી હતી.


(2) <u>વિજયા બેંક</u>ની સ્થાપના 23 ઓક્ટોબર, 1931ના રોજ <u>કર્ણાટક</u>ના <u>મેંગાલુરુ</u>માં <u>શ્રી એ. બી. શેટ્ટી</u>ની આગેવાની હેઠળના <u>ખેડૂતોના એક જૂથે</u> કરી હતી.

(3) <u>વિજયાદશમી</u>ના દિવસે આ બેંકની સ્થાપના થઈ હોવાથી તે <u>'વિજયા બેંક'</u> તરીકે ઓળખાઈ.

(4) <u>શ્રી દેવકરણ નાનજી પરિવાર</u> દ્વારા <u>'દેવકરણ નાનજી બેન્કિંગ કંપની'</u>ના નામથી 26 મે, 1938ના રોજ દેના બેંકની સ્થાપના કરવામાં આવી હતી.

(5) <u>Devkaran Nanjee</u>ના નામ પરથી આ બેંકનું નામ <u>Dena Bank</u> રાખવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS






## ➤ ભેખડિયા અને જામલી વિશ્વના પ્રથમ વ્યસન મુક્ત ગામ બન્યા

ગુજરાતના **છોટા ઉદેપુર** જિલ્લાના **ક્વાંટ** તાલુકાનું **ભેખડિયા** અને **મધ્યપ્રદેશ**ના **અલીરાજપુર** જિલ્લાનું **જામલી** વિશ્વના **પ્રથમ વ્યસન મુક્ત ગામ** બની ગયા છે.

- **ભેખડિયા** અને **જામલી**ને વ્યસન મુક્ત બનાવવાનો શ્રેય **શ્રી મનસુખભાઈ સુવાગિયા**ને જાય છે.
- ગીર ગાય ક્રાંતિના પ્રણેતા અને રાજકોટના જળક્રાંતિ ટ્રસ્ટના પ્રમુખ શ્રી મનસુખભાઈ સુવાગિયાએ જળરક્ષા, પ્રકૃતિરક્ષા, ગૌરક્ષા, સંસ્કૃતિરક્ષા અને રાષ્ટ્રરક્ષાને જીવનમંત્ર બનાવીને ગુજરાતના ભેખડિયા તથા મધ્યપ્રદેશના જામલીને વ્યસન મુક્ત કરીને આ ગામોને **'દિવ્યગ્રામ'** બનાવવાની વિશ્વપ્રેરક યોજના હાથ ધરી હતી.
- આ અંતર્ગત તેમણે આ બંને ગામને દારૂ, તમાકુ, બીડી, ગુટખા વગેરે વ્યસનોમાંથી મુક્ત કર્યા છે.
- આ ઉપરાંત આ ગામોમાં દારૂ–તમાકુનું વ્યસન કરીને કોઈ ગામ બહારની વ્યક્તિના પ્રવેશ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

## ➤ પોરબંદર ખાતેથી અત્યાધુનિક શિપ ચાર્લી-445 ભારતીય કોસ્ટગાર્ડમાં શામેલ

31 માર્ચ, 2019ના રોજ ગુજરાતના **પોરબંદર કોસ્ટગાર્ડની જેટી** પરથી **પેટ્રોલિંગ શિપ ચાર્લી-445** અથવા તો **ઈન્ટર સેપ્ટર C-445** ભારતીય કોસ્ટગાર્ડમાં શામેલ કરવામાં આવી છે.

- પાકિસ્તાન સાથે સમુદ્રી સીમા ધરાવતા ગુજરાત રાજ્યની દરિયાઈ સુરક્ષાને લોખંડી બનાવવાના હેતુથી આ શિપ પોરબંદર ખાતે કાર્યરત રહેશે.
- ગુજરાત રાજ્યના મુખ્ય સચિવ **શ્રી ડો. જે. એન. સિંઘ**ના હસ્તે આ શિપને ભારતીય તટરક્ષક દળમાં શામેલ કરવામાં આવી છે.
- આ શિપ અધ્યતન નેવિગેશન અને કોમ્યુનિકેશનના સાધનો તથા હેવી મશીનગનથી સજ્જ છે.
- આ શિપ શોધ, રાહત અને બચાવ સહીત વિવિધ કામગીરી માટે ઉપયોગી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

**1.** ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં પ્રતિ ક્વિન્ટલ કેટલા રૂપિયાના ટેકાના ભાવથી ચણાની ખરીદી કરવાની જાહેરાત કરવામાં આવી છે ?

(A) 4620 (B) 4660 (C) 4680 (D) 4690 — **(A)**

**2.** 1 એપ્રિલ, 2019થી ભારતમાં ત્રણ બેન્કોનું મર્જર થયું છે... આ ત્રણ બેન્કોમાં નીચેનામાંથી કઈ બેન્કનો સમાવેશ થતો નથી ?

(A) દેના બેન્ક (B) બેન્ક ઓફ બરોડા (C) બેન્ક ઓફ ઈન્ડિયા (D) વિજયા બેન્ક — **(C)**

**3.** 'બેન્ક ઓફ બરોડા'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

(1) 1 એપ્રિલ, 2019ના રોજ દેના અને વિજયા બેન્કનો બેન્ક ઓફ બરોડામાં વિલય થયો છે.

(2) હવે બેન્ક ઓફ બરોડા SBI બાદ ભારતની બીજા નંબરની સૌથી મોટી જાહેર બેન્ક બની ગઈ છે.

(3) હવે બેન્ક ઓફ બરોડા SBI અને ICICI બાદ ભારતની ત્રીજા નંબરની સૌથી મોટી બેન્ક બની ગઈ છે.

Ans. : (A) 1, 2, 3 (B) 1, 3 (C) 1, 2 (D) 2, 3 — **(C)**

4. તાજેતરમાં ગુજરાત અને મધ્યપ્રદેશના કયા બે ગામ વિશ્વના પ્રથમ વ્યસન મુક્ત ગામ બન્યા છે ?
(A) ભેખડિયા અને રામોલી (B) ભેખડિયા અને જામલી
(C) ભેખડિયા અને સાવલી (D) ભેખડિયા અને ચમોલી **(B)**

5. 31 માર્ચ, 2019ના રોજ ચાર્લી-445 અથવા તો C-445 નામની શિપને ભારતીય કોસ્ટગાર્ડમાં કયાંથી સામેલ કરવામાં આવી છે ?
(A) વેરાવળ (B) સોમનાથ (C) કચ્છ (D) પોરબંદર **(D)**

## 2 APRIL, 2019 TUESDAY

## ➢ દિવસ મહિમા : 2 એપ્રિલ, ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ બુક ડે

## ➢ ઈસરોએ EMISAT સહિત 29 ઉપગ્રહો પ્રથમ વખત ત્રણ જુદી જુદી ભ્રમણકક્ષામાં તરતા મૂકયા

1 એપ્રિલ, 2019ના રોજ ઈસરોએ ભારતના ઈલેકટ્રોનિક ઈન્ટેલિજન્સ સેટેલાઈટ EMISAT (એમિસેટ) સહિત કુલ 29 ઉપગ્રહો જુદી–જુદી ત્રણ ભ્રમણકક્ષામાં તરતા મૂકીને ઈતિહાસ રચ્યો છે.



- ભારતમાં આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતે આવેલા સતીષ ધવન સ્પેસ સેન્ટરના બીજા નંબરના લોન્ચ પેડ પરથી PSLV C-45 નામના રોકેટ દ્વારા આ ઉપગ્રહો લોન્ચ કરવામાં આવ્યા હતા.

### એક જ રોકેટ દ્વારા ત્રણ કક્ષામાં ઉપગ્રહ લોન્ચ કરવાની સિદ્ધિ

સામાન્ય રીતે ઉપગ્રહોના લોન્ચિંગ વખતે એક વખતના લોન્ચિંગમાં એક જ કક્ષામાં ઉપગ્રહો ગોઠવવામાં આવે છે.

- જ્યારે ઈસરોએ તાજેતરમાં PSLV C-45 રોકેટની મદદથી એક જ લોન્ચિંગમાં 748 કિમી, 504 કિમી અને 485 કિમીની જુદી જુદી ત્રણ કક્ષામાં વિવિધ ઉપગ્રહો સફળતાપૂર્વક લોન્ચ કર્યા હતા.
- ઈસરો દ્વારા સૌપ્રથમ વખત હાથ ધરાયેલા આ પ્રયોગમાં ઈસરોને સફળતા મળી હતી.

### વિવિધ દેશોના 29 ઉપગ્રહો

ઈસરો દ્વારા લોન્ચ કરવામાં આવેલા કુલ 29 ઉપગ્રહોમાં નીચેના દેશોના ઉપગ્રહોનો સમાવેશ થાય છે :

**વિવિધ દેશોના 29 ઉપગ્રહો**

| દેશ | ઉપગ્રહની સંખ્યા |
|---|---|
| ભારત | 1 (EMISAT) |
| અમેરિકા | 24 |
| લિથુઆનિયા | 2 |
| સ્પેન | 1 |
| સ્વિત્ઝર્લેન્ડ | 1 |
| કુલ | 29 |

## EMISAT ઉપગ્રહની વિશેષતા

ઈસરો દ્વારા લોન્ચ કરવામાં આવેલા **EMISAT (એમિસેટ)** ઉપગ્રહને ભારતના સંરક્ષણ માટે ખૂબ જ અગત્યનો ઉપગ્રહ માનવામાં આવે છે.

- **EMISATનું** પૂરું નામ **'ElectroMegnetic Intelligence SATellite'** છે.
- **EMISAT** એ ભારતનો અતિ મહત્ત્વનો **સૈન્ય ઉપગ્રહ** છે.
- આ જાસૂસી ઉપગ્રહ વિશેની માહિતી સરકાર દ્વારા ગુપ્ત રાખવામાં આવી છે.
- આમ છતાં, નિષ્ણાંતો આ ઉપગ્રહને 'અંતરીક્ષમાં ભારતની આંખ અને કાન' કહે છે.
- આ ઉપગ્રહની મદદથી દુશ્મન દેશોની સંચાર પ્રણાલીઓ, રડાર અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણોથી નીકળતા સિગ્નલને પકડી શકાશે.
- આથી ઈલેક્ટ્રોનિક નિરીક્ષણ માટેના આ ઉપગ્રહની મદદથી દુશ્મનોના રડાર પર નજર રાખીને તેનું લોકેશન જાણી શકાશે.
- **DRDO**ની **હૈદરાબાદ લેબ** દ્વારા **'પ્રોજેક્ટ કૌટિલ્ય'** હેઠળ આ ઉપગ્રહને તૈયાર કરવામાં આવ્યો છે.
- ઈસરોના **મિની ઉપગ્રહ-2**ને આધારે **ઈસરો તથા DRDO** દ્વારા સંયુક્ત રીતે આ ઉપગ્રહ વિકસાવવામાં આવ્યો છે.
- આ ઉપગ્રહનો ઉદ્દેશ **ElectroMegnetic (વિદ્યુત ચુંબકિય) સ્પેક્ટ્રમ**ને માપવાનો છે.
- **436** કિલોગ્રામ વજનના આ ઉપગ્રહને આશરે **748** કિમીની ઊંચાઈએ સ્થાપિત કરવામાં આવ્યો છે.

## પ્રેક્ષક ગેલેરીનો પ્રારંભ

આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતેના **સતીષ ધવન સ્પેસ સેન્ટર**માં **5,000** લોકોની ક્ષમતા ધરાવતી **પ્રેક્ષક ગેલેરી**નો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે.

- આ પ્રેક્ષક ગેલેરીમાં ફ્રીમાં બેસીને લોકોએ ઈસરોનું આ મિશન લાઈવ નિહાળ્યું હતું.
- ઈસરોનું આ પહેલું એવું મિશન હતું કે જેને પ્રેક્ષક ગેલેરીમાં બેસીને લોકોએ લાઈવ નિહાળ્યું હતું.
- આ પ્રેક્ષક ગેલેરીમાંથી સતીષ ધવન સ્પેસ સેન્ટરના બંને લોન્ચ પેડને જોઈ શકાય છે.

## સતીષ ધવન સ્પેસ સેન્ટર અને ડો. અબ્દુલ કલામ આઈલેન્ડ

સતીષ ધવન સ્પેસ સેન્ટર (જૂનું નામ, શ્રી હરિકોટા રેન્જ)એ ભારતનું **રોકેટ લોન્ચ સેન્ટર** છે.

- અહીં આવેલા બે લોન્ચ પેડો પરથી ભારત તથા વિશ્વના વિવિધ દેશોના **ઉપગ્રહો** લોન્ચ કરવામાં આવે છે.
- **ISRO** દ્વારા તેનું સંચાલન થાય છે.
- આંધ્રપ્રદેશના **શ્રી હરિકોટા** ખાતે આ સ્પેસ સેન્ટર આવેલું છે.
- અગાઉ **શ્રી હરિકોટા રેન્જ** તરીકે ઓળખાતા આ સ્પેસ સેન્ટરને વર્ષ **2002**થી ઈસરોના પૂર્વ ચેરમેન **શ્રી સતીષ ધવનનું** નામ આપવામાં આવ્યું છે.

## ડો. અબ્દુલ કલામ આઈલેન્ડ

ડો. અબ્દુલ કલામ આઈલેન્ડ (જૂનું નામ, વ્હીલર આઈલેન્ડ) એ **બંગાળની ખાડી**માં **ઓડિશાના દરિયા કિનારે** આવેલો એક ટાપુ છે.

- ઓડિશામાં **બાલાસોર** (અથવા તો **બાલેશ્વર**) જિલ્લાના **ચાંદીપુર** પાસે આ આઈલેન્ડ આવેલો છે.
- અહીં **Integrated Test Range Missile Testing Facility** ઉપલબ્ધ છે.
- ભારતના **મિસાઈલ પરીક્ષણો** અહીંથી થાય છે.
- **DRDO** દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે.
- અગાઉ **'Wheeler Island'** તરીકે ઓળખાતા આ દ્વીપને **4** સપ્ટેમ્બર, **2015**થી **'Dr. Abdul Kalam Island'** નામ આપવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

કારકિર્દીની શાનદાર સફર એટલે ભારતીય રેલવે

1,00,000થી વધુ જગ્યા

Railway Recruitment Board



ગુજરાતી વિદ્યાર્થીઓ માટે રોજગારીના નવા ક્ષેત્રમાં
આક્રમક આરોહણ કરવા માટે
રેલવે ભરતી બોર્ડ પ્રમાણેની સઘન તૈયારી

ફ્રી ટ્રાયલ લેક્ચર AVAILABLE

4 to 6 PM




રેલવેની પરીક્ષા માટે
પરીણામલક્ષી
(ગુજરાતી ભાષામાં)
ઉપલબ્ધ
સર્વશ્રેષ્ઠ પુસ્તક

» સ્માર્ટ વર્ક અને સમજણ શકિતના સમન્વયથી અભ્યાસ
» ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી એડવાન્સ લેવલ મટીરિયલ્સ
» શરૂઆતથી છેક પરીક્ષાખંડ સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ
» ગણિત અને તર્કશકિતની સરળ અને શોર્ટકટ ટેકનિક્સ દ્વારા સમજૂતિ
» EXAM CRACKING STRATEGY & WINNING POLICY

PAPER PRACTICE


## ICE Questions

1. ‘ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ બુક ડે’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 31 માર્ચ (B) 1 એપ્રિલ (C) 2 એપ્રિલ (D) 3 એપ્રિલ **(C)**

2. 1 એપ્રિલ, 2019ના રોજ ભારતે કયો ઈલેક્ટ્રોનિક ઈન્ટેલિજન્સ સેટેલાઈટ સફળતાપૂર્વક લોન્ચ કર્યો છે ?
   (A) AMISAT (B) EMISAT (C) AVISAT (D) EVISAT **(B)**

3. 1 એપ્રિલ, 2019ના રોજ ભારતે કયા રોકેટની મદદથી EMISAT સહિત કુલ 29 ઉપગ્રહો સફળતાપૂર્વક લોન્ચ કર્યા હતા ?
   (A) PSLV-C40 (B) PSLV-C42 (C) PSLV-C43 (D) PSLV-C45 **(D)**

4. 1 એપ્રિલ, 2019ના રોજ ભારતે EMISAT સહિત કુલ 29 ઉપગ્રહો કયાંથી સફળતાપૂર્વક લોન્ચ કર્યા હતા ?
   (A) ડો. અબ્દુલ કલામ આઈલેન્ડ, ચાંદીપુર, બાલાસોર (ઓડિશા)
   (B) વ્હીલર આઈલેન્ડ, ચાંદીપુર, બાલાસોર (ઓડિશા)
   (C) સતીષ ધવન સ્પેસ સેન્ટર, ચાંદીપુર, બાલાસોર (ઓડિશા)
   (D) સતીષ ધવન સ્પેસ સેન્ટર, શ્રી હરિકોટા (આંધ્રપ્રદેશ) **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 5. | 1 એપ્રિલ, 2019ના રોજ ઈસરોએ PSLV-C45 રોકેટની મદદથી એક વખતના લોન્ચિંગમાં જુદી જુદી કુલ કેટલી કક્ષામાં ઉપગ્રહો ગોઠવવાની સિદ્ધિ મેળવી છે ?<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ | (B) |
| 6. | ઈસરો દ્વારા 1 એપ્રિલ, 2019ના રોજ લોન્ચ કરવામાં આવેલો એમિસેટ (EMISAT) ઉપગ્રહ કયા પ્રકારનો છે ?<br>(A) કોમ્યુનિકેશન (B) હવામાન (C) સૈન્ય (D) ત્રણમાંથી કોઈ નહીં | (C) |
| 7. | 1 એપ્રિલ, 2019ના રોજ ભારતે લોન્ચ કરેલા સૈન્ય ઉપગ્રહ EMISATનું પૂરું નામ શું છે ?<br>(A) ElectroMegic Intelligence SATellite (B) ElectroMegnate Intelligence SATellite<br>(C) ElectroMicro Intelligence SATellite (D) ElectroMegnetic Intelligence SATellite | (D) |
| 8. | તાજેતરમાં ભારતે લોન્ચ કરેલા ઈલેક્ટ્રોનિક ઈન્ટેલિજન્સ સેટેલાઈટ EMISATને કયા પ્રોજેક્ટ અંતર્ગત વિકસાવવામાં આવ્યો છે ?<br>(A) પ્રોજેક્ટ કૌશલ્ય (B) પ્રોજેક્ટ કૌશલ્યા (C) પ્રોજેક્ટ કૌટિલ્ય (D) પ્રોજેક્ટ EMISAT | (C) |
| 9. | તાજેતરમાં ભારતે લોન્ચ કરેલા એમિસેટ (EMISAT) ઉપગ્રહનો મુખ્ય ઉદ્દેશ શું છે ?<br>(A) ભારતમાં 5G સેવા પૂરી પાડવાનો (B) સૈનિકને હવામાનની માહિતી આપવાનો<br>(C) દુશ્મન દેશોની મિસાઈલને રોકવાનો (D) વિદ્યુત ચુંબકીય સ્પેક્ટ્રમ માપવાનો | (D) |

## 3 APRIL, 2019 WEDNESDAY

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ ભારતમાં GST અંતર્ગત સરકારની ટેક્સની આવકમાં સતત વધારો

ભારતમાં વર્ષ 2019ના માર્ચ મહિનામાં GST Revenue Collection રૂ. 1,06,577 કરોડ થયું છે. જે અત્યાર સુધીનું સૌથી વધુ માસિક કલેક્શન છે.

- ભારતમાં GSTનો પ્રારંભ 1 જુલાઈ, 2017ના રોજ થયો હતો.
- 1 જુલાઈ, 2017થી લઈને 31 માર્ચ, 2019 સુધીમાં ભારતમાં GST અંતર્ગત સૌથી વધુ માસિક Revenue Collection માર્ચ 2019માં થયું છે.
- ભારતમાં માર્ચ 2018માં GST Revenue Collection રૂ. 92,167 કરોડ હતું. જ્યારે માર્ચ 2019માં તે વધીને રૂ. 1,06,577 કરોડ થઈ ગયું છે. જે માર્ચ 2018 કરતા 15.6 ટકા વધારે છે.
- ભારતમાં નાણાકીય વર્ષ 2017-18ના અંતિમ ત્રણ મહિનાની તુલનાએ વર્ષ 2018-19ના અંતિમ ત્રણ મહિનામાં GST Revenue Collectionમાં 14.3 ટકાનો વધારો થયો છે.
- આ ઉપરાંત ભારતમાં નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન સરેરાશ માસિક GST Revenue Collection રૂ. 98,114 કરોડ છે. જે વર્ષ 2017-18ની તુલનાએ 9.2 ટકા વધારે છે.
- આમ, ભારતમાં તાજેતરમાં અનેક વસ્તુઓ પરના GST દરમાં ઘટાડો કરવામાં આવ્યો હોવા છતાં GST અંતર્ગત સરકારની ટેક્સની આવકમાં સતત વધારો થઈ રહ્યો છે.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ➤ ત્રીજો સમુદ્રી અભ્યાસ AUSINDEX-19

તાજેતરમાં 2થી 14 એપ્રિલ, 2019 દરમિયાન ભારતની નૌસેના અને ઓસ્ટ્રેલિયાની રોયલ ઓસ્ટ્રેલિયન નેવી વચ્ચે ભારતમાં વિશાખાપટ્ટનમ ખાતે એક સમુદ્રી અભ્યાસનું આયોજન થયું છે.

- આ સમુદ્રી અભ્યાસને AUSINDEX-19 નામ આપવામાં આવ્યું છે.
- ભારત અને ઓસ્ટ્રેલિયાની નૌસેના વચ્ચે યોજાઈ રહેલો આ ત્રીજો દ્વિવાર્ષિક AUSINDEX સમુદ્રી અભ્યાસ છે.
- આ સમુદ્રી અભ્યાસનો પ્રારંભ 2015થી થયો હતો. વર્ષ 2015માં વિશાખાપટ્ટનમમાં જ તેનું આયોજન થયું હતું.
- ત્યારબાદ વર્ષ 2017માં ઓસ્ટ્રેલિયાના ફ્રીમેન્ટલમાં આ યુદ્ધ અભ્યાસનું આયોજન થયું હતું.
- આ કવાયતનો મુખ્ય ઉદ્દેશ ભારત અને ઓસ્ટ્રેલિયાની નૌસેના વચ્ચે પરસ્પર સહયોગ વધારવાનો છે.

**નોંધ :** AUSINDEX-19નું પૂરું નામ AUStralia INDia EXercise-2019 છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS





GPSC 1/2, PI, PSI/ASI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, કલાર્ક, તલાટી, સ્ટાફ સિલેક્શન, રેલવે, TET/TAT, તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

તદ્દન સરળ સમજૂતી સાથે ઝડપી ગણિતની મેજિક ટ્રીક

ગણિત

LATEST 2019


તર્કશક્તિ

REASONING

શોર્ટકટ ટ્રીક્સ અને સ્કોરીંગ મેથડ સાથે તદ્દન સરળ સમજૂતી અને પ્રેકટીસ

ગુજરાત સરકાર દ્વારા લેવાતી CLASS 1/2/3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષામાં પૂછાતા પ્રશ્નોને ધ્યાનમાં રાખીને થયેલી રીઝનીંગના વિવિધ ટોપીકની તદ્દન સરળ રજૂઆત





## ICE Questions

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1. | ભારતમાં 1 જુલાઈ, 2017થી 31 માર્ચ 2019 સુધીમાં સૌથી વધુ માસિક GST Revenue Collection કયા મહિનામાં થયું છે ? | (A) જાન્યુઆરી, 2019 | (B) ફેબ્રુઆરી, 2019 | (C) માર્ચ 2019 | (D) માર્ચ 2018 | (C) |
| 2. | ભારતમાં નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન સરેરાશ માસિક GST Revenue Collection કેટલા રૂપિયા થયું છે ? | (A) 88,114 | (B) 98,114 | (C) 1,08,114 | (D) 1,01,114 | (B) |
| 3. | ભારતમાં નાણાકીય વર્ષ 2017-18ની તુલનાએ વર્ષ 2018-19માં સરેરાશ માસિક GST Revenue Collectionમાં કેટલા ટકાનો વધારો થયો છે ? | (A) 9.2 | (B) 12.3 | (C) 14.3 | (D) 15.6 | (A) |
| 4. | તાજેતરમાં 2થી 14 એપ્રિલ 2019 દરમિયાન ભારત અને કયા દેશ વચ્ચે લશ્કરી કવાયત AUSINDEX-19નું આયોજન થયું હતું ? | (A) ઈંગ્લેન્ડ | (B) ન્યુઝીલેન્ડ | (C) અમેરિકા | (D) ઓસ્ટ્રેલિયા | (D) |
| 5. | તાજેતરમાં એપ્રિલ, 2019 દરમિયાન ભારત અને ઓસ્ટ્રેલિયાની કઈ સેના વચ્ચે AUSINDEX-19નું આયોજન થયું હતું ? | (A) ભૂમિદળ | (B) વાયુદળ | (C) નૌકાદળ | (D) ઉપરોક્ત ત્રણેય | (C) |
| 6. | એપ્રિલ, 2019 દરમિયાન AUSINDEX-19 અભ્યાસનું આયોજન કયાં થયું છે ? | (A) કોલકાતા | (B) મેલબોર્ન | (C) વિશાખાપટ્ટનમ | (D) ફ્રીમેન્ટલ | (C) |
| 7. | તાજેતરમાં ભારત અને ઓસ્ટ્રેલિયાની નૌસેના વચ્ચે કેટલામા સમુદ્રી અભ્યાસ AUSIDEX-19નું આયોજન થયું છે ? | (A) પ્રથમ | (B) બીજા | (C) ત્રીજા | (D) ચોથા | (C) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 4 APRIL, 2019 THURSDAY

### ➤ 2019માં ભારતનો GDP વૃદ્ધિદર 7.2 ટકા રહેવાનો ADBનો અંદાજ

એશિયન ડેવલપમેન્ટ આઉટલુક 2019માં ભારતમાં નીચા વ્યાજદર, ખેડૂતોની આવકમાં વધારો તથા વપરાશમાં વૃદ્ધિને કારણે 2019માં ભારતનો GDP વૃદ્ધિ દર 7.2 ટકા રહેવાનો **એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)** દ્વારા અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.

- જ્યારે ADBના અંદાજ અનુસાર 2020માં ભારતનો GDP વૃદ્ધિ દર 7.3 ટકા રહેવાની શક્યતા છે.
- આ અગાઉ એશિયન ડેવલપમેન્ટ આઉટલુક 2018માં વર્ષ 2018માં ભારતનો GDP વૃદ્ધિ દર 7 ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો હતો.
- જ્યારે ADB દ્વારા 2019માં ચીનનો આર્થિક વૃદ્ધિ દર 6.3 ટકા અને 2020માં ઘટીને 6.1 ટકા રહેવાનો અંદાજ દર્શાવાયો છે.

## ➤ ભારતને 24 MH-60R Seahawk Helicopter વેચવા અમેરિકાની મંજૂરી

અમેરિકાએ ભારતને MH-60R (R એટલે Romeo) Seahawk Helicopter વેચવા માટે મંજૂરી આપી દીધી છે.

- આ અંતર્ગત અમેરિકા ભારતને 2.6 અબજ ડોલરમાં (એટલે કે આશરે રૂ. 17,825 કરોડમાં) કુલ 24 સીહોક હેલિકોપ્ટર આપશે.

### MH-60R સીહોક હેલિકોપ્ટરની વિશેષતા

MH-60R સીહોક હેલિકોપ્ટરએ અમેરિકાના Multimision Naval Helicopter (બહુઉદ્દેશીય નૌસેના હેલિકોપ્ટર) છે.

- આ હેલિકોપ્ટર વિશ્વના સૌથી આધુનિક દરિયાઈ હેલિકોપ્ટર છે.
- અમેરિકાની ડિફેન્સ કંપની Lockheed Martin (લોકહીડ માર્ટિન) દ્વારા આ હેલિકોપ્ટરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

### આ હેલિકોપ્ટરથી ભારતને શું લાભ થશે ?

આ સમુદ્રી હેલિકોપ્ટરથી ભારતીય નૌસેનાની દરિયાઈ યુદ્ધ શક્તિમાં વધારો થશે.

- આ હેલિકોપ્ટર ભારતીય સુરક્ષા દળોને જમીન પરના તેમજ સબમરીન વિરોધી મિશનોને સફળતાથી અંજામ આપવામાં સક્ષમ બનાવશે. આ હેલિકોપ્ટર સમુદ્રમાં સબમરીન કે જહાજને તોડી પાડવા સક્ષમ છે.
- યુદ્ધ ઉપરાંત રેસ્ક્યૂ ઓપરેશન, માલની હેરફેર, સમુદ્ર પર ચાંપતી નજર રાખવા પેટ્રોલિંગ માટે, દુશ્મનની ઘુસણખોરી રોકવા તથા તેમના વાહનોને તોડી પાડવા માટે પણ આ હેલિકોપ્ટર ઉપયોગી થશે.
- ભારતમાં આ હેલિકોપ્ટર બ્રિટનના સી કિંગ હેલિકોપ્ટરનું સ્થાન લેશે.
- પાકિસ્તાન અને ચીનની સમુદ્રી સરહદે આ હેલિકોપ્ટરની મદદથી ભારતની સંરક્ષણ ક્ષમતામાં વધારો થશે.
- આ ઉપરાંત આ સંરક્ષણ સોદાથી અમેરિકા સાથેના ભારતના વ્યૂહાત્મક સંબંધો પણ વધુ મજબૂત થશે.

ICE FOR COMPETITIVE EXAMS



## ➢ સુશ્રી જુજાના કેપ્યુટોવા સ્લોવેકિયાના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા



સ્લોવેકિયામાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ ઝુંબેશ ચલાવનાર **સુશ્રી જુજાના કેપ્યુટોવા સ્લોવેકિયાના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ** તરીકે ચૂંટાઈ આવ્યા છે.

- તેમના હરીફ ઉમેદવાર **શ્રી મારોસ સેફ્કોવિક**ને પરાજય આપીને તેમણે આ સિદ્ધિ મેળવી છે.
- વ્યવસાયે વકીલ એવા સુશ્રી જુજાના કેપ્યુટોવાના પક્ષનું નામ **પ્રોગ્રેસિવ સ્લોવેકિયા પાર્ટી** છે.
- તેઓ 15 જૂન, 2019ના રોજ સ્લોવેકિયાના રાષ્ટ્રપતિ તરીકે શપથ ગ્રહણ કરશે.

### વિશ્વના વર્તમાન મહિલા રાષ્ટ્રાધ્યક્ષો

વર્તમાન સમયે વિશ્વના અનેક દેશોમાં મહિલાઓ દેશના ટોચના પદે કાર્યરત છે.

- તેમાંથી વર્તમાન સમયે (4 એપ્રિલ, 2019ની સ્થિતિએ) કાર્યરત કેટલાક મહિલા પ્રમુખોના નામ આ પ્રમાણે છે :

**વિશ્વના મહિલા રાષ્ટ્ર પ્રમુખ**

| ક્રમ | નામ | દેશ | પદ |
|---|---|---|---|
| 1 | સુશ્રી વિદ્યાદેવી ભંડારી | નેપાળ | રાષ્ટ્રપતિ |
| 2 | સુશ્રી આંગ સાન સૂ કી | મ્યાનમાર | સ્ટેટ કાઉન્સિલર |
| 3 | સુશ્રી શેખ હસીના વાઝેદ | બાંગ્લાદેશ | વડાપ્રધાન |
| 4 | સુશ્રી થેરેસા મે | બ્રિટન | વડાપ્રધાન |
| 5 | સુશ્રી એન્જેલા મર્કેલ | જર્મની | ચાન્સેલર |
| 6 | સુશ્રી જેસિન્ડા અરડર્ન | ન્યુઝીલેન્ડ | વડાપ્રધાન |
| 7 | સુશ્રી કેટરિન જેકબ્દોતિર | આઈસલેન્ડ | વડાપ્રધાન |
| 8 | સુશ્રી સેલોમ જુરાબિશ્વિલી | જ્યોર્જિયા | રાષ્ટ્રપતિ |
| 9 | સુશ્રી સહલે–વર્ક જેવ્દે | ઈથોપિયા | રાષ્ટ્રપતિ |
| 10 | સુશ્રી કોલિંદા ગ્રાબર | ક્રોએશિયા | રાષ્ટ્રપતિ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ શ્રી મનુ સાહનીની ICCના CEO તરીકે નિમણૂક



**ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)**ના નવા **Chief Executive Officer (CEO)** તરીકે **શ્રી મનુ સાહની**ની નિમણૂક કરવામાં આવી છે.

- શ્રી મનુ સાહની ESPN Star Sportsના પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર છે.
- ICCના CEO તરીકે તેમણે **શ્રી ડેવિડ રિચાર્ડસન**નું સ્થાન લીધું છે.

**નોંધ :** (1) ICCના વર્તમાન (4 એપ્રિલ, 2019ની સ્થિતિએ) **અધ્યક્ષ** (Chairperson) **શ્રી શશાંક મનોહર** છે.

(2) ICCનું વડું મથક **યુનાઈટેડ આરબ અમિરાત** (UAE)ના **દુબઈ** ખાતે આવેલું છે.

## ICE Questions

1. તાજેતરમાં ભારતને કયા હેલિકોપ્ટર વેચવાની અમેરિકાએ મંજૂરી આપી છે ?
   (A) MH-30R(Romeo) Seahawk (B) MH-40R (Romeo) Seahawk
   (C) MH-50R (Romeo) Seahawk (D) MH-60R (Romeo) Seahwak — **(D)**

2. તાજેતરમાં 2.6 અબજ ડોલરના ખર્ચે અમેરિકાએ ભારતને કેટલા MH-60R (Romeo) Seahawk હેલિકોપ્ટર આપવાની મંજૂરી આપી છે ?
   (A) 60 (B) 40 (C) 30 (D) 24 — **(D)**

3. MH-60R સીહોક હેલિકોપ્ટરના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. તે મલ્ટિમિશન અથવા તો મલ્ટિરોલ નેવલ હેલિકોપ્ટર છે.
   2. અમેરિકાની લોકહીડ માર્ટિન નામની કંપની દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.
   (A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) એકપણ નહીં — **(A)**

4. એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB) દ્વારા તાજેતરમાં વર્ષ 2019માં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે ?
   (A) 7 (B) 7.2 (C) 7.3 (D) 7.4 — **(B)**

5. સ્લોવેકિયાના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ તરીકે તાજેતરમાં કોણ ચૂંટાઈ આવ્યું છે ?
   (A) સુશ્રી જેસિન્ડા અરડર્ન (B) સુશ્રી કેટરિન જેકબદોતિર
   (C) સુશ્રી જુજાના કેપ્યુટોવા (D) સુશ્રી કોલિંદા ગ્રાબર — **(C)**

6. સુશ્રી જુજાના કેપ્યુટોવા તાજેતરમાં સ્લોવેકિયાના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે...તેમના પક્ષનું નામ શું છે ?
   (A) મૂવમેન્ટ ફોર ડેમોક્રસી (B) પાર્ટી ઓફ સિવિક અંડરસ્ટેન્ડિંગ
   (C) મૂવમેન્ટ ફોર અ ડેમોક્રેટિક સ્લોવેકિયા (D) પ્રોગ્રેસિવ સ્લોવેકિયા — **(D)**

7. તાજેતરમાં ICCના નવા CEO તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
   (A) શ્રી શશાંક મનોહર (B) શ્રી ડેવિડ રિચાર્ડસન (C) શ્રી મનુ સાહની (D) શ્રી મયંક અગ્રાવત — **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS


બિનસચિવાલય ક્લાર્ક

› બંધારણ
› જાહેર વહીવટ
› સામાન્ય જ્ઞાન
› કોમ્પ્યૂટર

› ગુજરાતી વ્યાકરણ
› અંગ્રેજી વ્યાકરણ
› ગુજરાતનો ઈતિહાસ
› ગુજરાતનો સા. વારસો




Available at amazon

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

વધુ માહિતી માટે CALL 93753-01110

## 5 APRIL, 2019 FRIDAY

## ➢ દિવસ મહિમા : 5 એપ્રિલ, રાષ્ટ્રીય સમુદ્રી દિવસ (National Maritime Day)

## ➢ નાણાકીય વર્ષ 2019-20ની RBIની Monetary Policyની પ્રથમ સમીક્ષા બેઠકમાં લેવાયેલા કેટલાક અગત્યના નિર્ણયો

તાજેતરમાં 2થી 4 એપ્રિલ, 2019 દરમિયાન RBIના ગવર્નર શ્રી શક્તિકાંત દાસની અધ્યક્ષતામાં મુંબઈ ખાતે RBI Monetary Policyની નાણાકીય વર્ષ 2019-20ની પ્રથમ દ્વિમાસિક સમીક્ષા બેઠકનું આયોજન થયું હતું.

- આ બેઠકમાં લેવાયેલા કેટલાક મહત્ત્વના નિર્ણયો તથા અન્ય વિશેષતા આ પ્રમાણે છે :
  (1) RepoRate 0.25 ટકા ઘટાડીને 6.25 ટકાથી 6.00 ટકા કરવામાં આવ્યો છે.
  (2) અને Reverse Repo Rate પણ 0.25 ટકા ઘટાડીને 6.00 ટકાથી 5.75 ટકા કરવામાં આવ્યો છે.
  (3) નાણાકીય વર્ષ 2019-20માં ભારતના GDP વૃદ્ધિ દર અંગેનો અગાઉનો 7.4 ટકાનો અંદાજ ઘટાડીને હવે 7.2 ટકા કરવામાં આવ્યો છે.

**નોંધ :** (1) RBIની 'મોનેટરી પોલિસી કમિટી'માં કુલ 6 સભ્યો હોય છે.
(2) RBIના ગવર્નર આ કમિટીના અધ્યક્ષ હોય છે.
(3) RBIની 'મોનેટરી પોલિસી કમિટી'ની હવે પછીની બેઠક 4થી 6 જૂન, 2019 દરમિયાન યોજાશે.

## ➢ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને UAEનું સર્વોચ્ચ નાગરિક સન્માન એનાયત

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને United Arab Emirates -UAE (સંયુક્ત આરબ અમિરાત)ના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ઝાયેદ મેડલ'થી સન્માનિત કરવામાં આવશે.

- યુનાઈટેડ આરબ અમિરાતના ક્રાઉન પ્રિન્સ શ્રી મોહમ્મદ બિન ઝાયેદ દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે.
- ભારત અને UAE વચ્ચેનાં સંબંધોને મજબૂત કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા પ્રયાસોને કારણે તેમને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.
- આ પુરસ્કાર મેળવનાર શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રથમ ભારતીય છે.

### ઝાયેદ મેડલ

ઝાયેદ મેડલ એ UAE દ્વારા રાજાઓ, રાષ્ટ્રપતિઓ તથા રાષ્ટ્રપ્રમુખોને આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન છે.

- આ અગાઉ આ સન્માન રશિયાના રાષ્ટ્રપતિ શ્રી વ્લાદેમિર પુતિન, ચીનના રાષ્ટ્રપતિ શ્રી શી જિનપિંગ, શ્રી જ્યોર્જ ડબલ્યૂ બૂશ, મહારાણી એલિઝાબેથ બીજા, શ્રીમતી એન્જેલા મર્કેલ વગેરેને એનાયત થઈ ગયું છે.

### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને તાજેતરમાં એનાયત થયેલા આંતરરાષ્ટ્રીય એવોર્ડ

| ક્રમ | એવોર્ડનું નામ | કોના દ્વારા |
|---|---|---|
| 1 | ઝાયેદ મેડલ | યુનાઈટેડ આરબ અમિરાત (UAE) |
| 2 | (પ્રથમ) ફિલિપ કોટલર પુરસ્કાર | વર્લ્ડ માર્કેટિંગ સમિટ |
| 3 | સીયોલ શાંતિ પુરસ્કાર 2018 | દક્ષિણ કોરિયા |
| 4 | ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ પુરસ્કાર 2018 | યુનાઈટેડ નેશન્સ (સંયુક્ત રાષ્ટ્ર) |
| 5 | ગ્રાન્ડ કોલર પુરસ્કાર 2018 | પેલેસ્ટાઈન |
| 6 | અમિર અમાનુલ્લાહ ખાન પુરસ્કાર (2016) | અફઘાનિસ્તાન |
| 7 | કિંગ અબ્દુલ અઝિઝ સૈશ પુરસ્કાર (2016) | સાઉદી અરેબિયા |

## ➤ સમગ્ર દેશમાં 5G સેવા લોન્ચ કરનાર દક્ષિણ કોરિયા વિશ્વનો પહેલો દેશ બન્યો

3 એપ્રિલ, 2019ના રોજ દક્ષિણ કોરિયાના સીયોલ ખાતે રાષ્ટ્રીય 5G સેવા લોન્ચ કરવામાં આવી છે.

- આ સાથે જ દક્ષિણ કોરિયા સમગ્ર દેશમાં 5G સેવા લોન્ચ કરનાર વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે.

**નોંધ :** આ અગાઉ તાજેતરમાં ચીનના શાંઘાઈનો હોંગકોઉ જિલ્લો વિશ્વનો પ્રથમ 5G જિલ્લો બન્યો હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.

### ICE Questions

1. 'રાષ્ટ્રીય સમુદ્રી દિવસ' અથવા તો 'નેશનલ મેરિટાઈમ ડે' તરીકે ભારતમાં કયો દિવસ ઉજવાય છે ?
   (A) 3 એપ્રિલ (B) 4 એપ્રિલ (C) 5 એપ્રિલ (D) 6 એપ્રિલ **(C)**

2. ભારતમાં વર્તમાન (5 એપ્રિલ, 2019ની સ્થિતિએ) Repo Rate કેટલા ટકા છે ?
   (A) 5.75 (B) 6.00 (C) 6.25 (D) 6.50 **(B)**

3. ભારતમાં વર્તમાન (5 એપ્રિલ, 2019ની સ્થિતિએ) Reverse Repo Rate કેટલા ટકા છે ?
   (A) 5.25 (B) 5.50 (C) 5.75 (D) 6.00 **(C)**

4. એપ્રિલ 2019 દરમિયાન મળેલી RBIની મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં વર્ષ 2019-20 દરમિયાન ભારતના GDP વૃદ્ધિ દર અંગેનો અગાઉનો અંદાજ ઘટાડીને કેટલા ટકા કરવામાં આવ્યો છે ?
   (A) 6.8 (B) 7 (C) 7.2 (D) 7.4 **(C)**

5. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને UAEના કયા સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે ?
   (A) ગ્રાન્ડ કોલર પુરસ્કાર (B) કિંગ અબ્દુલ અઝિઝ સૈશ પુરસ્કાર
   (C) અમિર અમાનુલ્લાહ ખાન પુરસ્કાર (D) ઝાયેદ મેડલ **(D)**

6. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને 'ઝાયેદ મેડલ'થી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે...આ પુરસ્કાર કયા દેશનો સર્વોચ્ચ નાગરિક સન્માન છે ?
   (A) સાઉદી અરેબિયા (B) અફઘાનિસ્તાન
   (C) કુવૈત (D) સંયુક્ત આરબ અમિરાત **(D)**

7. તાજેતરમાં સમગ્ર દેશમાં 5G સેવા લોન્ચ કરનાર વિશ્વના પ્રથમ દેશનું નામ શું છે ?
   (A) ચીન (B) અમેરિકા (C) ઉત્તર કોરિયા (D) દક્ષિણ કોરિયા **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**6 APRIL, 2019 SATURDAY**

## ➤ ભારત મલાવીમાં એગ્રિકલ્ચર ઈન્સ્ટિટયૂટની સ્થાપના કરશે

ભારત આફ્રિકન દેશ <u>મલાવી</u>માં એક <u>એગ્રિકલ્ચર ઈન્સ્ટિટયૂટ</u>ની સ્થાપના કરશે.

- આ ઈન્સ્ટિટયૂટને <u>'India-Africa Institute of Agriculture and Rural Development' (IAIARD)</u> નામ આપવામાં આવ્યું છે.
- આ ઈન્સ્ટિટયૂટની સ્થાપના માટે ભારતે <u>NABCONS</u> સાથે એટલે કે <u>'NABARD (National Bank for Agriculture and Rural Development) Consultancy Services'</u> સાથે કરાર કર્યા છે.

### IAIARD

IAIARDએ આફ્રિકામાં ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી પ્રથમ પહેલ છે.

- તેનાથી ભારત અને મલાવી વચ્ચેના સંબંધો મજબૂત થશે.
- IAIARDએ એક <u>આફ્રિકન ઈન્સ્ટિટયૂટ</u> હશે. તેમાં ફક્ત મલાવીના જ નહિ પરંતુ અન્ય આફ્રિકન દેશોના વિદ્યાર્થીઓને પણ માનવ સંસાધન વિકાસ અને ક્ષમતા નિર્માણ માટે તાલીમ આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➤ ભારતીય સેનાએ સિંધુ નદી પર સૌથી લાંબો સસ્પેન્શન બ્રીજ બનાવ્યો

ભારતીય સેનાએ તાજેતરમાં **જમ્મુ-કાશ્મીરના લેહ (લદાખ)**ના **ચોગલામસર** નામના ગામમાં **સિંધુ નદી પરના સૌથી લાંબા સસ્પેન્શન બ્રિજ (ઝૂલતા પુલ)**નું ઉદ્‌ઘાટન કર્યું છે.

- ભારતીય સેના દ્વારા ફક્ત 40 દિવસમાં જ આ બ્રિજ બનાવવામાં આવ્યો છે.
- **260 ફૂટ** લંબાઈના આ બ્રિજને **'મૈત્રી બ્રિજ'** નામ આપવામાં આવ્યું છે.
- આ પુલથી **લેહ-લદાખ** ક્ષેત્રના **ચોગલામસર**, **સ્તોક** અને **ચુચોત** જેવા ગામોના લોકોને લાભ થશે.

## ➤ ICC ટેસ્ટ રેન્કીંગમાં ભારત સતત ત્રીજા વર્ષે પ્રથમ ક્રમે

તાજેતરમાં ICC દ્વારા જાહેર કરવામાં આવેલા ICC **ટેસ્ટ રેન્કીંગ**માં ભારતીય ક્રિકેટ ટીમ સતત **ત્રીજા વર્ષે** પ્રથમ ક્રમે રહી છે.

- અને આ સાથે જ ભારતીય ક્રિકેટ ટીમ સતત ત્રીજા વર્ષે ICC ટેસ્ટ ચેમ્પિયનને અપાનારી **મેસ (ગદા)** પોતાની પાસે રાખવામાં સફળ રહી છે.
- આ માટે ભારતીય ટીમને **10 લાખ ડોલર**નું ઈનામ મળશે.

## ➤ 12મી એશિયન એરગન ચેમ્પિયનશિપ 2019

તાજેતરમાં 25 માર્ચથી 2 એપ્રિલ 2019 દરમિયાન **ચાઈનીઝ તાઈપેઈ**ના **તાઓયુઆન** ખાતે **12મી એશિયન એરગન ચેમ્પિયનશિપ 2019**નું આયોજન થયું હતું.

- આ ચેમ્પિયનશિપમાં **16 ગોલ્ડ, 5 સિલ્વર અને 4 બ્રોન્ઝ** સહિત **કુલ 25 મેડલ** સાથે **ભારત** મેડલ ટેબલમાં **પ્રથમ** ક્રમે રહ્યું છે.
- જ્યારે ભારત બાદ **સાઉથ કોરિયા** બીજા અને **ચાઈનીઝ તાઈપેઈ** ત્રીજા ક્રમે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. ભારતે તાજેતરમાં કયા આફ્રિકી દેશમાં એક એગ્રિકલ્ચર ઈન્સ્ટિટયૂટની સ્થાપના માટે NABCONS સાથે કરાર કર્યા છે ?
   (A) દક્ષિણ આફ્રિકા (B) કેન્યા (C) મલાવી (D) નાઈજીરિયા **(C)**
2. ભારતીય સેનાએ તાજેતરમાં લેહ(લદાખ)ના કયા ગામમાં સિંધુ નદી પરના સૌથી લાંબા સસ્પેન્શન બ્રિજ (ઝુલતા પુલ)નું ઉદ્‌ઘાટન કર્યું છે ?
   (A) રસરાજપુર (B) સરતાજપુર (C) ફતના (D) ચોગલામસર **(D)**
3. ભારતીય સેના દ્વારા તાજેતરમાં જમ્મુ-કાશ્મીરના લેહ-લદાખમાં સિંધુ નદી પર નિર્માણ પામેલા સસ્પેન્શન બ્રિજને શું નામ આપવામાં આવ્યું છે ?
   (A) શક્તિ બ્રિજ (B) મૈત્રી બ્રિજ (C) શૌર્ય બ્રિજ (D) ઈન્ડસ બ્રિજ **(B)**
4. ICC ટેસ્ટ રેન્કિંગમાં ભારતીય ક્રિકેટ ટીમ સતત કેટલા વર્ષથી પ્રથમ ક્રમે છે ?
   (A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ **(B)**
5. તાજેતરમાં 25 માર્ચથી 2 એપ્રિલ 2019 દરમિયાન 12મી એશિયન એરગન ચેમ્પિયનશિપનું આયોજન કયાં થયું હતું ?
   (A) સિયોલ, સાઉથ કોરિયા (B) પ્યોંગયાંગ, નોર્થ કોરિયા
   (C) તાઓયુઆન, ચાઈનીઝ તાઈપેઈ (D) બેઈજિંગ, ચીન **(C)**
6. તાજેતરમાં ચાઈનીઝ તાઈપેઈના તાઓયુઆનમાં યોજાયેલી 12મી એશિયન એરગન ચેમ્પિયનશિપમાં મેડલ ટેબલમાં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
   (A) ભારત (B) સાઉથ કોરિયા (C) ચાઈનીઝ તાઈપેઈ (D) નોર્થ કોરિયા **(A)**

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

# ONE LINER
## CURRENT AFFAIRS

## ભારત

### ➤ GRSE 100 યુદ્ધ જહાજ બનાવનાર ભારતનું પ્રથમ શિપયાર્ડ બન્યું

તાજેતરમાં ભારત સરકારની માલિકીના શિપયાર્ડ GRSE (Garden Reach Ship Builders and Engineers Ltd) દ્વારા નિર્મિત 100મા યુદ્ધ જહાજ IN LCU L-56ને ભારતીય નૌસેનાને સોંપવામાં આવ્યું છે. આ સાથે જ 100 યુદ્ધ જહાજોનું નિર્માણ કરીને તેની ડિલેવરી કરનાર GRSE ભારતનું પ્રથમ શિપયાર્ડ બની ગયું છે. આ શિપયાર્ડ પશ્ચિમ બંગાળના કોલકાતામાં આવેલું છે.

### ➤ જમ્મુ-કાશ્મીરમાં આતંક મોનિટરિંગ ગ્રૂપની રચના

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી ગતિવિધિઓને રોકવા તથા તેમને મળતી નાણાકીય મદદ અટકાવવા માટે સાત સભ્યોના એક આતંક મોનિટરિંગ ગ્રૂપની રચના કરવામાં આવી છે. જમ્મુ-કાશ્મીરના એડિશનલ DGP આ ગ્રૂપના અધ્યક્ષ રહેશે.

### ➤ ફિનટેક કોન્કલેવ 2019

તાજેતરમાં ભારતમાં નીતિ આયોગ દ્વારા નવી દિલ્હી ખાતે 'ફિનટેક કોન્કલેવ 2019'નું આયોજન થયું હતું. જેનું ઉદઘાટન RBIના ગવર્નર શ્રી શક્તિકાંત દાસે કર્યું હતું. આ કોન્કલેવનો મુખ્ય ઉદ્દેશ નાણાકીય ટેક્નોલોજીમાં સુધારો કરવાનો તથા નવી નીતિઓના નિર્માણ અંગે વિચાર વિમર્શ કરવાનો હતો.

### ➤ તાશીગંગ-વિશ્વનું સૌથી ઊંચુ મતદાન મથક

હિમાચલ પ્રદેશનું તાશીગંગ નામનું ગામ વિશ્વનું સૌથી ઊંચુ મતદાન મથક છે. જે સમુદ્ર સપાટીથી 15,256 ફૂટની ઊંચાઈ પર આવેલું છે. આ મતદાન મથક હિમાચલ પ્રદેશની મંડી લોકસભા બેઠક અંતર્ગત આવે છે.

### ➤ શ્રી કરણ જોહર મેડમ તુસાદ મ્યુઝિયમમાં સ્થાન પામનાર ભારતના પ્રથમ ફિલ્મ નિર્માતા બન્યા

તાજેતરમાં સિંગાપોરના પ્રસિદ્ધ મેડમ તુસાદ મ્યુઝિયમમાં શ્રી કરણ જોહરના મીણના પુતળાનું અનાવરણ કરવામાં આવ્યું છે. આ સાથે જ શ્રી કરણ જોહર મેડમ તુસાદ મ્યુઝિયમમાં સ્થાન પામનાર ભારતના પ્રથમ ફિલ્મ નિર્માતા બની ગયા છે.

### ➤ મુંબઈ ઈન્ડિયન્સ IPLમાં 100 મેચ જીતનાર પ્રથમ ટીમ બની

તાજેતરમાં 3 એપ્રિલ, 2019ના રોજ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી IPLની એક મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે ચેન્નાઈ સુપર કિંગ્સને પરાજય આપ્યો હતો. આ સાથે જ મુંબઈ ઈન્ડિયન્સ IPLમાં 100 મેચ જીતનાર પ્રથમ ટીમ બની ગઈ છે. IPLમાં કુલ 175 મેચ રમીને તેણે આ સિદ્ધિ મેળવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# વિશ્વ

## ➤ સેમસંગે દક્ષિણ કોરિયામાં લોન્ચ કર્યો વિશ્વનો પ્રથમ 5G ફોન

સેમસંગ ઈલેક્ટોનિક્સ દ્વારા દક્ષિણ કોરિયામાં વિશ્વનો પ્રથમ 5G ફોન લોન્ચ કરવામાં આવ્યો છે. Galaxy S10 નામના આ ફોનની કિંમત આશરે 70થી 80,000 જેટલી છે. તાજેતરમાં દક્ષિણ કોરિયામાં વિશ્વમાં સૌથી પહેલા રાષ્ટ્રીય 5G નેટવર્ક લોન્ચ કરવામાં આવ્યું છે.

## ➤ સિંગાપોરનું ચાંગી એરપોર્ટ વિશ્વનું શ્રેષ્ઠ એરપોર્ટ

તાજેતરમાં સિંગાપોરના ચાંગી એરપોર્ટને વિશ્વનું શ્રેષ્ઠ એરપોર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ માટે તેને વર્ષ 2019નો સ્કાઈટ્રેક્સ વર્લ્ડ એરપોર્ટ એવોર્ડ એનાયત થયો છે. બ્રિટનની સ્કાઈટ્રેક્સ નામની ફર્મ દ્વારા આ એવોર્ડ એનાયત થાય છે.

## ➤ યુરોપીયન યુનિયન દ્વારા સિંગલ યૂઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવામાં આવશે

તાજેતરમાં યુરોપીયન યુનિયનની સંસદમાં થયેલા મતદાનમાં 560 વિરુદ્ધ 35 વોટથી યુરોપમાં સિંગલ યૂઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રતિબંધનો અમલ 2021થી થશે. મહાસાગરમાં થતા પ્રદૂષણને રોકવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

- ➤ 100 યુદ્ધ જહાજોનું નિર્માણ કરીને તેની ડિલેવરી કરનાર ભારતના પ્રથમ શિપયાર્ડનું નામ શું છે ? – GRSE (Garden Reach Ship Builders and Engineers Ltd)
- ➤ 100 યુદ્ધ જહાજોનું નિર્માણ કરનાર ભારતનું પ્રથમ શિપયાર્ડ GRSE કયાં આવેલું છે ? – કોલકાતા
- ➤ તાજેતરમાં જમ્મુ–કાશ્મીરમાં આતંકવાદી ગતિવિધિઓને રોકવા તથા તેમને મળતી નાણાકીય મદદ અટકાવવા માટે કોની અધ્યક્ષતામાં સાત સભ્યોના એક આતંક મોનિટરિંગ ગ્રૂપની રચના કરવામાં આવી છે ? – જમ્મુ-કાશ્મીરના એડિશનલ DGP
- ➤ તાજેતરમાં નીતિ આયોગ દ્વારા ભારતમાં કઈ જગ્યાએ ફિનટેક કોન્કલેવ 2019નું આયોજન કરવામાં આવ્યું હતું ? – નવી દિલ્હી
- ➤ વિશ્વના સૌથી ઊંચા મતદાન મથકનું નામ શું છે ? તે કયાં આવેલું છે ? – તાશીગંગ, હિમાચલ પ્રદેશ
- ➤ સિંગાપોરના પ્રસિદ્ધ મેડમ તુષાદ મ્યુઝિયમમાં સ્થાન પામનાર ભારતના પ્રથમ ફિલ્મ નિર્માતાનું નામ શું છે ? – શ્રી કરણ જોહર
- ➤ IPLમાં 100 મેચ જીતનાર પ્રથમ ટીમનું નામ શું છે ? – મુંબઈ ઈન્ડિયન્સ
- ➤ તાજેતરમાં દક્ષિણ કોરિયામાં કઈ કંપનીએ વિશ્વનો પ્રથમ 5G ફોન લોન્ચ કર્યો છે ? – સેમસંગ
- ➤ તાજેતરમાં સેમસંગ દ્વારા દક્ષિણ કોરિયામાં લોન્ચ કરવામાં આવેલા વિશ્વના પ્રથમ 5G ફોનનું નામ શું છે ? – Galaxy S10
- ➤ સ્કાઈટ્રેક્સ વર્લ્ડ એરપોર્ટ 2019ના એવોર્ડ માટે વિશ્વના સૌથી શ્રેષ્ઠ એરપોર્ટ તરીકે કયા એરપોર્ટની પસંદગી કરવામાં આવી છે ? – ચાંગી એરપોર્ટ, સિંગાપોર
- ➤ તાજેતરમાં યુરોપીયન યુનિયન દ્વારા યુરોપમાં કયારથી સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – 2021

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

- GPSC
- UPSC
- IBPS
- SBI
- PO
- CLERK
- PSI
- PI
- CONSTABLE
- TALATI
- Dy. S.O.
- Dy. MAMLATDAR

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.